ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૫૩ ટકા

ગાંધીનગર તાપમાન

સિવિલમાં સર્જરી અને ઓર્થોપેડીક વોર્ડનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દસ માસના લાંબા વિરામ બાદ સર્જરી વોર્ડ અને ઓર્થોપેડીક વોર્ડનો પ્રારંભ તંત્ર દ્વારા કરાયો છે. તે ઉપરાંત ત્રીજા અને ચોથા માળે આવેલા ઓપરેશન થિયેટર પણ શરુ કરવાની તૈયારીઓ પુરજોશમાં શરુ કરી દીધી છે. કોરોનાના દર્દીઓની સંખ્યા ઘટતા નોન કોવીડ દર્દીઓ પણ સારવાર માટે આવી રહ્યા છે. જેને પગલે સિવિલ સત્તાધિશોએ વોર્ડ અને ઓપરેશન થિયેટર શરુ કરવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાવ થી માંડીને હિમોડાયાલિસીસ સુધીના સારવાર થાય છે. હોસ્પિટલમાં ૬૦૦ બેડની ઈમારત, ઓપીડી અને તાત્કાલીક વિભાગ પણ દર્દીઓથી ધમધમતો હોય છે. ત્યારે માર્ચ-૨૦માં કોરોનાનો કેસ નોંધાતા તંત્ર દ્વારા ૬૦૦ બેડની બિલ્ડીંગને કોરોના દર્દીઓની સારવાર માટે રાખવામાં આવી હતી. જેથી નોન કોવીડ દર્દીઓના ઓપેરશન પણ બંધ રહેવા પામ્યા હતા. જયારે નોન કોવીડ દર્દીઓ કોરોનાના ભયથી સારવાર માટે આવતા ખચકાતા હતા. ત્યારે હવે ૧૦ માસના સમયગાળા બાદ કોરોના દર્દીઓની સંખ્યામાં સિવિલમાં નહીવત રહેવા પામી છે. કોરોના કેસમાં પણ ઘટાડો થવા પામ્યો છે. જેથી સિવિલ તંત્ર દ્વારા નોન કોવીડ દર્દીઓને સારવાર મળી રહે તે માટે તૈયારીઓ કરી રહ્યા છે. જેમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં પ્રથમ માળે સર્જરી વિભાગના દર્દીઓ માટે વોર્ડનો પ્રારંભ થઈ ગયો છે.જયારે બીજા માળે ઓર્થોપેડીક વિભાગમાં દર્દીઓ પણ દાખલ છે. ત્યારે હવે કોરોના કેસ ઘટતા તંત્ર દ્વારા ધીમધીમે નોન કોવીડ વોર્ડ શરુ કરવાની તૈયારીમાં લાગી ગયા છે. ત્રીજા અને ચોથા માળે આવેલા ઓપરેશન થિયેટર પણ શરુ કરવાની તૈયારીઓ પુરજોશમાં ચાલુ છે. જેથી ટુંક સમયમાં છેલ્લા ૧૦ માસથી અટકી પડેલા દર્દીઓના ઓપરેશન પણ ઝડપી કરવામાં આવશે. કોરોના કેસ ઘટતા જ નોન કોવીડ દર્દીઓનો ધસારો સિવિલ હોસ્પિટલમાં જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરની આંતરિક સફાઈનો પ્રશ્ન ખૂબ જ વિકટ છે. મનપાએ સફાઈકર્મીઓની ફોજ રાખી છે તેમ છતાં નિયમિત રીતે સાફ સફાઈ થતી નથી તે હકીકત છે. ઘરે ઘરેથી કચરો ઉપાડનારી એજન્સી મનફાવે તે રીતે કામ કરતી હોવાથી ઘણા સ્થળોએ કચરાના ઢગલા જોવા મળે છે. સેકટર-૨૨ આયુર્વેદિક દવાખાના પાસે મુકાયેલી કચરાપેટીમાંથી કચરો બહાર નીકળી રહ્યો છે તેમ છતાં તેની સાફ સફાઈ થતી નથી.

ફાયર એનઓસી વિના ધમધમતા એકમોને આખરી નોટીસ

બે હોસ્પિટલ, બે મોલ, નવી રહેણાંક ઈમારતો, સાત ગોડાઉન અને વાણીજય કોમ્પ્લેક્ષનો સમાવેશ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા હસ્તક ફાયર વિભાગ દ્વારા ફાયર એનઓસી વિના ધમધમતા એકમોને ફરીવાર આખરી નોટીસ ફટકારવામાં આવી છે. આ નોટીસ બાદ તેઓ ફાયર એનઓસી નહી મેળવે તો તંત્ર દ્વારા જે તે એકમો સામે સીંલીગ કાર્યવાહી હાથ ધરાશે. ત્યારે ફાયર વિભાગ દ્વારા આખરી નોટીસ આપવામાં આવી છે તે એકમોમાં બે હોસ્પિટલ, બે મોલ, નવી રહેણાંક ઈમારતો, સાત ગોડાઉન અને વાણીજય કોમ્પ્લેક્ષનો સમાવેશ થાય છે. ફરીવાર એકમોને નોટીસો મળતા વેપારી આલમ અને ઓફિસધારકોમાં ભયનો માહોલ છવાયો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ફાયર પ્રમાણપત્ર વિના વિવિધ એકમો ધમધમતા હતા. ફાયર એનઓસી ન મેળવી હોય તેવા એકમોને નોટીસ આપવા છતા તેઓ ફાયર તંત્રને ઘોળીને પી જતા હતા. ત્યારે તાજેતરમાં ફાયર વિભાગે નોટીસની અવગણના કરતા એકમો સામે સીંલીગની કાર્યવાહી હાથ ધરતા શહેરમાં હાહાકાર મચી ગયો હતો. તંત્ર દ્વારા ૪ કોમ્પ્લેક્ષને સીલ મારવામાં આવ્યા હતા. આ કોમ્પ્લેક્ષમાં ફાયર સેફટીની રહેલી ક્ષતિઓ તાત્કાલીક ધોરણે દુર કર્યા બાદ ફાયર એનઓસી આપવામાં આવ્યું હતું. ફાયર વિભાગ દ્વારા ફરીવાર ૩૨ હોસ્પિટલ, ૩૦ જીમ, ૧૪ બેંક, ૧૨ કલાસીસ-લાયબ્રેરી, ૧૩ ગોડાઉન-ઈન્ડસ્ટ્રીઝ સહિતના એકમોને નોટીસ ફટકારવામાં આવી છે. તેમાં બે મોલ, બે હોસ્પિટલ, ૭ ગોડાઉન-ઈન્ડસ્ટ્રીઝ, ૭ રહેણાંક ઈમારત અને કોમર્શીયલ કોમ્પ્લેક્ષનો સમાવેશ થાય છે. આખરી નોટીસ બાદ પણ ફાયર સેફટીની ક્ષતિઓ દુર કરવામાં નહી આવે તો તંત્ર દ્વારા સીંલીગ કાર્યવાહી હાથ ધરાશે. ફાયર વિભાગની નોટીસ મળતા જ વેપારીઓ અને ઓફિસ ધારકો સહિતના વ્યકતિઓ દોડતા થઈ ગયા છે. ફાયર વિના ધમધમતા એકમો પર હજુ પણ આગામી દિવસોમાં ફાયર વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. કોરાના કાળમાં માંડ બેઠા થઈને નાગરીકો વેપાર-રોજગાર તરફ વળ્યા છે ત્યારે ફાયર ઓફિસર એકશન મોડમાં આવી જતા વેપારીઓમાં પણ ચિંતા પ્રસરી જવા પામી છે અને વહેલામાં વહેલી તકે એનઓસી મેળવવા કામગીરી શરુ કરી છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા શહેરીજનો માટે કોરોના કાળ દરમિયાન કરવામાં આવેલ સેવાઓ બદલ શહેરના મેયર રીટાબન પટેલ દ્વારા રેડક્રોસની ટીમનું મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

‘ક’ માર્ગ પરના વિકાસ કાર્યોથી વાવોલ-કોલવડામાં પ્રસન્નતાનો પમરાટ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખૂબ ઝડપથી વિકાસ પામી રહેલા શહેરમાં સ્થાન ધરાવતું શહેર બની જવા પામ્યું છે અને એક તબક્કે કર્મચારી નગર તરીકે જાણીતા બનેલા આ શહેરમાં અત્યારે વિકાસની ઝડપ વધી હોવાને કારણે અનેક વ્યવસાયો પણ ફુલીફાલી રહ્યા છે અને નવા નવા પરિવારો પણ આ શહેરને પોતાની કર્મભૂમિ બનાવવા વસવાટ અર્થે આવી રહ્યા છે. અત્યારે શહેરના ‘ક’ માર્ગને સંલગ્ન કેટલાંક પ્રોજેક્ટ આકાર પામી રહ્યા છે તેમાં અત્યાધુનિક કેપિટલ રેલ્વે સ્ટેશને વિકાસના અંતિમ તબક્કામાં પહોંચેલું હાઈટેક ફાઈવસ્ટાર હોટલનું નિર્માણ કાર્ય તેમજ તેની બાજુમાં તૈયાર થઈ ગયેલા અન્ડરપાસને પગલે શહેરમાં સમાવિષ્ટ વાવોલ-કોલવડા સહિતના વિસ્તારની પ્રજામાં પ્રસન્નતા પ્રસરી રહી છે. જો કે છેલ્લા કેટલાક સમયથી ‘ક’ રોડને પહોળો કરવા સહિતના વિકાસ કાર્યો ઝડપથી આટોપાય તેવી લોકલાગણી પણ અનુભવાઈ રહી છે.

સમગ્ર વાવોલ વિસ્તારને શહેરના માર્ગ નં.૫ એ માર્ગ નં. ૬ જેવા મુખ્ય માર્ગો સાથે જોડવામાં કડીરૂપ એવા ક-માર્ગને પણ હવે સિકસલેન કરવાની કામગીરી લગભગ પૂર્ણતાને આરે છે, તે સાથે ગોકુલપુરા પાસેની ઝુંપડપટ્ટી વિસ્તાર પણ હાઈટેક ફાઈવસ્ટાર હોટેલના નિર્માણ સાથે હટાવી દેવાયો છે જેના પગલે સમગ્ર ‘ક’ માર્ગની રોનક બદલાઈ જવા પામી છે. વળી, ક-માર્ગથી મહાત્મા મંદિર થઈને શહેરના હાર્દ સમા ઘ-૪ તરફ વિના અડચણે જઈ શકાય તે માટે અન્ડરપાસ પણ તૈયાર થઈ ગયો છે જે લોકાર્પણની રાહ જોઈ રહ્યો છે. આ વિકાસ કાર્યને પગલે ગોકુલપુરા અને વાવોલ વિસ્તારના રહીશોમાં તો આનંદની લાગણી પ્રસરે તે સ્વાભાવિક છે પરંતુ કોલવડાનો લાલઘર માતાના મંદિરવાળો રોડ જે વાવોલ થઈને ક માર્ગ સાથે જોડાતો હોવાથી કોલવડાના રહીશોમાં પણ તેને આવકાર મળી રહ્યો છે. વાવોલ-કોલવડા વિસ્તારના રહીશોના સોશ્યલ મિડીયા ગૃપમાં અન્ડપાસના ફોટોઝ અને વિડિયોઝ પણ વાઈરલ થઈ રહ્યા છે જેને આ વિસ્તારના વસાહતીઓ વધાવી રહ્યા છે. આ વિસ્તારમાં વિકાસ કાર્યની ગતિ કુડાસણ સરગાસણની જેમ વધતાં પ્રોપર્ટી માર્કેટમાં પણ તેની અસર જોવા મળી રહી છે. અને સાર્વત્રિક રીતે આ વિસ્તારમાંથી મંદીનો ઓછાયો ધીમે ધીમે અસ્ત થઈ રહેલો અનુભવાઈ રહ્યો છે.

‘ક’ માર્ગ પરના કાર્યો ઝડપથી આટોપાય તેવી લોકલાગણી

ગાંધીનગરના વાવોલ વિસ્તારને મુખ્ય શહેર સાથે જોડતાં ત્રણ વિકલ્પો પૈકી ‘ક’ રોડ અને ગામમાં થઈને પસાર થતો માર્ગ જે રોડ નં. ૩ સાથે જોડાય છે તે મહત્વના છે. આ પૈકી ‘ક’ માર્ગ પર લાંબા સમયથી ચાલી રહેલા વિકાસ કાર્યોના કારણે આ વિસ્તારના વસાહતીઓથી માંડીને જીઆઈડીસીના હેવી લોડીંગ વાહનચાલકો પણ પરેશાની વેઠી રહ્યા હતા તેથી આ માર્ગ પર ચાલી રહેલા કાર્યો ઝડપથી આટોપાય તેવી લાગણી રહીશોમાં પ્રવર્તી રહી છે તેમજ ક-૫ થી ક-૭ સુધી માર્ગનું પણ નવીનીકરણ થાય તેવી માંગ જોવા મળી રહી છે.

૬ હજારની ભરતીમાંથી વ્યાયામ અને કલાના શિક્ષકોની બાદબાકી થતા ઉમેદવારોમાં રોષ

ગાંધીનગર, તા.૧૯

રાજય સરકાર દ્વારા ઘણા વર્ષો પછી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં અલગ અલગ વિષયની ૬૦૦૦ થી વધુ જગ્યાઓ માટે ભરતી થનાર છે. ત્યારે આ ૬૦૦૦ હજાર જગ્યામાં એક પણ જગ્યા વ્યાયામ(પીટી),અને કલા-સંગીત વિષયના શિક્ષકોને ન ફાળવતા બીપીએડ, બીપીઈ, ડીપીએડ, એમપીઈ, એમપીએડ, એટીડી, ફાઈન આર્ટ ઉમેદવારોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે ૬ હજારની ભરતી પ્રક્રિયામાં વ્યાયામ, ચિત્ર, સંગીત સહિતના ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવે તે માટે ગુજરાત રાજય વ્યાયમ અને કલા સંઘ દ્વારા ઉચ્ચકક્ષાએ લેખિત આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે.

મળતી વિગત મુજબ રાજયમાં પાંચ હજારથી વધુ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ અને કલા-સંગીતના શિક્ષકો જ નથી. એક તરફ રાજય સરકાર ખેલ મહાકુંભ, કલા મહાકુંભ, યોગ દિવસના કાર્યક્રમો યોજીને લાખો રૂપીયાનો ખર્ચ કરે છે. તો બીજીતરફ શાળામાં આ વિષય નિષ્ણાંત શિક્ષકોની ભરતી જ કરવામાં આવતી નથી. તંત્ર મહેકમ અને ફાજલ શિક્ષકોનું બહાનું ધરીને કલા-વ્યાયામ અને સંગીતના ઉમેદવારોને ભરતીમાંથી બાદબાકી કરી દેવામાં આવે છે.

રાજયમાં હજજારો ડીગ્રી ધારકો ટાટ પાસ કરીને પણ રોજગારી મેળવવા માટે દોડાદોડી કરી રહ્યા છે. ત્યારે ગતિશીલ ગુજરાતમાં આ ઉમેદવારોની હાલત કફોડી બની જવા પામી છે. ગુજરાત સિવાય અન્ય રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કલા-વ્યાયામ અને સંગીત વિષયના શિક્ષકો ફરજીયાત મુકવામાં આવે છે. તો ગુજરાતમાં કેમ નહી ત્યારે રાજયની સંવેદનશીલ સરકાર દ્વારા ઝડપથી આ ઉમેદવારોમાં હિતમાં નિર્ણય લઈને મોટા પ્રમાણમાં ભરતી કરવામાં આવે તેવી ઉમેદવારોની લાગણી અને માંગણી છે. ત્યારે ઉચ્ચકક્ષાએ ગુજરાત રાજય વ્યાયામ અને કલા સંઘ દ્વારા આવેદન પત્ર પણ પાઠવવામાં આવ્યું છે.

સેકટર-૧૬ સ્થિત તિરૂપતિ બાલાજી મંદિર ખાતે કલ્યાણ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન બાલાજી અને શ્રીદેવી-ભૂદેવીના વિવાહની વિધી યોજવામાં આવી હતી. સરકારની ગાઈડલાઈન મુજબ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે કલ્યાણ ઉત્સવની ઉલ્લાસપૂર્વક ઉજવણી થઈ હતી.

લાયન્સ ક્લબ ઓફ ફેમિના દ્વારા ત્રિ-દિવસીય યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓને કેન્દ્રમાં રાખી યોગાસન અને યોગ્ય જીવનશૈલીની સમજ આપતો ત્રિદિવસીય સેમિનાર આવનાર તા ૨૨,૨૩,૨૪ દરમિયાન યોજાશે.

કોરોના બાદ વધેલી માનસિક તેમજ શારીરિક ફરિયાદોને ધ્યાને રાખી લાયન્સ ક્લબ ફેમીના દ્વારા ‘સ્વાસ્થ્ય શિબિર’ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગાસન અને યોગ્ય દૈનિક દિનચર્યા તેમજ આહારની મદદથી જીવનમાં પ્રસન્નતાની પ્રાપ્તિ અને તંદુરસ્તી પર ભાર મૂકવામાં આવશે.

આ શિબિરનું સંચાલન અનુભવી યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા કરવામાં આવશે. જેઓ માનસિક તેમજ શારીરિક સુદ્રઢ સ્વાસ્થ્ય માટેની અનેક પધ્ધતિઓના જાણકાર હોવા સાથે પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જીલ્લાના અધ્યક્ષનું સ્થાન ધરાવે છે. તા.૨૨,૨૩,૨૪ જાન્યુઆરી દરમ્યાન આ સેમિનાર સવારે ૬:૧૫ થી ૭:૩૦ કલાકે ચ-૩ સર્કલ પાસે ડિવાઈન યોગ અને નેચરોપથી સેન્ટર, સેક્ટર ૭-ડી ખાતે યોજાશે. સંસ્થાના પ્રમુખ મમતાબેન રાવલ દ્વારા આ સેમિનારમાં ભાગ લેવા તથા યોગ કરવા અને આવનાર દરેકે પોતાનું આસન સાથે લાવવા નિઃશુલ્ક આ સેમિનારમાં ભાગ લેવા તમામ શહેરીજનોને જણાવ્યું છે.

સે-૩-સી માં ઘર આંગણે જ સાંજા ચુલા

કોરોનાના કહેર વચ્ચે બહાર જમવાનું ટાળતા પરિવારજનોએ સોસાયટીમાં ચુલો માંડી તુવેર-ટોઠાની મજા માણી

ગાંધીનગર, તા.૧૯

કોરોનાકાળ દરમિયાન શહેરીજનો પોતપોતાના ઘરે જ રહીને નીતનવી વાનગીઓ બનાવતા હતા. રેસ્ટોરન્ટમાં જવાનું ટાળી ઘરે જ ગૃહિણીઓ નવીનવી વાનગીઓ બનાવવાનું શીખી ગઈ હતી. સિઝનલ જમણ પણ બહાર ન આરોગી ઘરે જ બનાવવાના નિર્ધાર સાથે સે-૩-સીની ગૃહિણીઓએ આજે સમુહ ટોઠા બનાવ્યા હતા. ચોકના દરેક ઘરેથી એક એક બહેનોએ ચોકમાં ભેગા થઈ ટોઠા અને જરૂરિયાતની સામગ્રી સાથે ગરમગરમ ટોઠા બનાવવાની મજા માણી હતી. આમ, તો રેસ્ટોરન્ટમાં ભેગા થઈને ન જઈએ પણ અહીં તો થોડી સંખ્યામાં ભેગા થઈ જમણ બનાવીને આનંદ માણી શકીએ તેવું બહેનોનું કહેવું હતું. આમ, શહેરની ગૃહિણીઓ કોરોનાની સામે લડવા સાથે કોરોનાને કારણે પડતી મુશ્કેલીઓના રસ્તા પણ શોધી જ લે છે.

મધુર ડેરી દ્વારા સહકાર સેતુ પ્રોજેકટનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૯

શહેર સ્થિત મધુર ડેરી દ્વારા જિલ્લાના દરેક ગામોમાં સહકારી ધોરણે જીવનજરૂરી ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી આધુનિક મીની મોલ શરૂ કરવાના પ્રોજેકટ અંતર્ગત સહકાર સેતુની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા ગામના સરપંચો તથા દૂધ મંડળીના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા. કોરોનાની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી યોજાનાર આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય સહકારી સંસ્થા ઈફકો અને રાજયની સહકારી સંસ્થા ગુજકોમાસોલના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યશાળાનો શુભારંભ હર્ષદભાઈ પટેલ દ્વારા કરાવવામાં આવ્યો હતો. મધુર ડેરીના આરકેવિવાય યોજના શાકભાજી પ્રોજેકટના સફળ અમલ માટે બાગાયત અધિકારી પટેલ સાહેબ દ્વારા માર્ગદર્શન પરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હંસાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સહકાર સેતુ પ્રોજેકટ વિશે સમજણ આપતા સંઘના ચેરમેન શંકરસિંહ રાણા દ્વારા જણાવાયું હતું કે સહકારી સંસ્થાઓ અને સરકાર સાથે મળી ઉત્પાદન, વપરાશ અને વ્યવસ્થાપનમાં જોડાશે. આકર્ષક અને સુંદર મીની મોલની ડિઝાઈન પણ ફિકસ હશે. માત્ર સહકારી સંસ્થાઓની તમામ પ્રોડકટ આ પાર્લરમાં મળશે. ગામની આવક ગામમાં રહે તે આશય સાથે આ અભિયાન કાર્યરત થશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. તેજીબેન સંપતભાઈ વાઘરી, ઉ.વ. ૪૫, હાલિસા, તા. દહેગામ
- સ્વ. નાયક ડાહીબેન રમણભાઈ, ઉ.વ. ૬૪, સોભાસણ, તા. માણસા
- સ્વ. પરમાર કોલબેન દલસુખભાઈ, ઉ.વ. ૧૫, સે-૧૨, ગાંધીનગર
- સ્વ. તરાજુલા રામમૂર્તિ અબાસાયલુ, ઉ.વ. ૫૭, ડભોડા, તા. ગાંધીનગર